# મહિલા એશિયા કપ ફાઇનલઃ ભારતે શ્રીલંકાને 184 રનનો લક્ષ્યાંક આપ્યો

**મંધાના** અને શેફાલીની વિસ્ફોટક અર્ધસદી

**શેફાલીએ** મહિલા એશિયા કપની સૌથી ઝડપી 24 બોલમાં ફિફ્ટી ફટકારી

**ઓપનિંગ** જોડી વચ્ચે 129 રનની ઐતિહાસિક ભાગીદારી



દુબઈ, તા. 13 (પીટીઆઈ)ઃ દુબઈ ખાતે રમાઈ રહેલી મહિલા T20I એશિયા કપની ફાઇનલ મેચમાં ભારતીય મહિલા ટીમે પ્રથમ બેટિંગ કરતા 20 ઓવરમાં 5 વિકેટે 183 રનનો મજબૂત સ્કોર ખડક્યો છે. વાઇસ કેપ્ટન સ્મૃતિ મંધાના (59) અને શેફાલી વર્માની (68) આક્રમક બેટિંગના જોરે ભારતે શ્રીલંકન બોલરો પર શરૂઆતથી જ દબાણ બનાવી દીધું હતું.

ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યા બાદ ઓપનિંગ જોડીએ શાનદાર શરૂઆત કરી હતી. 22 વર્ષીય શેફાલી વર્માએ પ્રથમ ઓવરથી જ શ્રીલંકન કેપ્ટન ચમારી અથાપથ્થુ પર આક્રમક પ્રહારો કરતા સળંગ બે છગ્ગા અને એક ચોગ્ગો ફટકાર્યો હતો. તેણે માત્ર 24 બોલમાં પોતાની અર્ધસદી પૂરી કરી હતી, જે મહિલા એશિયા કપના ઇતિહાસની સૌથી ઝડપી ફિફ્ટી બની ગઈ છે. તેણે 2022ની ટુર્નામેન્ટમાં મંધાનાએ બનાવેલા 25 બોલના રેકોર્ડને તોડી નાખ્યો હતો.

બીજી તરફ, સ્મૃતિ મંધાનાએ પણ પોતાના T20I કરિયરની 36મી અર્ધસદી નોંધાવી હતી. બંને ખેલાડીઓએ 12.5 ઓવરમાં પ્રથમ વિકેટ માટે 129 રનની વિશાળ ભાગીદારી નોંધાવી હતી. ભારતે પાવરપ્લેમાં 57 રન અને 10 ઓવરમાં વિના વિકેટે 98 રન બનાવ્યા હતા.

જોકે, શેફાલી 68 રને આઉટ થયા બાદ તરત જ મંધાના પણ રન આઉટ થઈ ગઈ હતી. ટુર્નામેન્ટમાં મંધાના ત્રીજી વાર રન આઉટનો ભોગ બની હતી. 15 ઓવરમાં ભારતનો સ્કોર 2 વિકેટે 140 રન હતો. છેલ્લા 5 ઓવરમાં શ્રીલંકન બોલરોએ લાઇન-લેન્થ પર અંકુશ મેળવતાં ભારત માત્ર 43 રન જ ઉમેરી શક્યું હતું, કારણ કે વિસ્ફોટક બેટર ઋચા ઘોષ 17 રન બનાવી આઉટ થઈ હતી. તેમ છતાં, ઓપનિંગ જોડીના ધમાકેદાર પ્રદર્શનના જોરે ભારત 183 રનના વિશાળ સ્કોર સુધી પહોંચવામાં સફળ રહ્યું હતું.

# અર્શદીપ સિંહની શાનદાર બોલિંગ, ભારતે અફઘાનિસ્તાનને 156 રન પર રોક્યું

**અર્શદીપે** 19 રન આપીને 3 વિકેટ ઝડપી; ઓમરઝાઇના અણનમ 64 રનની મદદથી અફઘાનિસ્તાને 150નો આંકડો પાર કર્યો





નવી દિલ્હી, તા. 13 (પીટીઆઈ)ઃ નવી દિલ્હી ખાતે રમાયેલી 3 મેચોની T20I સિરીઝના પ્રથમ મુકાબલામાં ભારતીય બોલરોએ શાનદાર પ્રદર્શન કરીને અફઘાનિસ્તાનને 20 ઓવરમાં 8 વિકેટે 156 રન પર રોકી દીધું હતું.

જસપ્રીત બુમરાહે શાર્પ બોલિંગ કરી હતી, પરંતુ અર્શદીપ સિંહે 4 ઓવરમાં માત્ર 19 રન આપીને 3 મહત્વપૂર્ણ વિકેટો ઝડપીને અફઘાન બેટ્સમેનોને બેકફૂટ પર ધકેલી દીધા હતા.

મેચની શરૂઆતમાં બુમરાહે (26 રન પર 1 વિકેટ) રહેમાનુલ્લાહ ગુરબાઝને (0) આઉટ કરીને ભારતને પ્રથમ સફળતા અપાવી હતી. ત્યારબાદ વરુણ ચક્રવર્તી (1/16) અને અક્ષર પટેલની (1/27) સ્પિન જોડીએ રન ગતિ પર અંકુશ મેળવ્યો હતો.

અર્શદીપે ચોક્કસ લાઇન-લેન્થથી વિકેટો ઝડપતા અફઘાનિસ્તાનનો સ્કોર એક સમયે 43 રનમાં 5 વિકેટ થઈ ગયો હતો.

ત્યારબાદ અઝમતુલ્લાહ ઓમરઝાઇ (44 બોલમાં અણનમ 64) અને મોહમ્મદ નબી (33) વચ્ચે છઠ્ઠી વિકેટ માટે 83 રનની ભાગીદારી થઈ હતી. નબીને અર્શદીપે બોલ્ડ કર્યો હતો. આખરી ઓવરોમાં ઓમરઝાઈએ તોફાની બેટિંગ કરીને અફઘાનિસ્તાનને 156ના સ્કોર સુધી પહોંચાડ્યું હતું.

## આંતરરાષ્ટ્રીય મેચમાં ઐતિહાસિક ક્ષણઃ રાષ્ટ્રગીત પહેલાં પ્રથમ વાર વાગ્યું 'વંદે માતરમ્'

નવી દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે રમાયેલી પ્રથમ T20I મેચ પહેલાં એક ઐતિહાસિક ક્ષણ જોવા મળી હતી. કોઈ પણ આંતરરાષ્ટ્રીય રમતગમતના કાર્યક્રમમાં પ્રથમ વાર ભારતના રાષ્ટ્રગાન 'જન ગણ મન' પહેલાં બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય રચિત રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ્' વગાડવામાં આવ્યું હતું. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના નિર્દેશો મુજબ રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ્'ની તમામ છ કડીઓ (3 મિનિટ 10 સેકન્ડ) અને ત્યારબાદ રાષ્ટ્રગાન (52 સેકન્ડ) વગાડવામાં આવ્યું હતું. ગૃહ મંત્રાલયે વંદે માતરમ્ના 150 વર્ષની ઉજવણીના ભાગરૂપે આ ગાઇડલાઇન્સ જાહેર કરી છે. BCCI ના સૂત્રોના જણાવ્યા અનુસાર, હવેથી ભારતની તમામ ઘરેલુ સિરીઝની પ્રથમ મેચની શરૂઆત પહેલાં રાષ્ટ્રગાનની સાથે 'વંદે માતરમ્' પણ વગાડવામાં આવશે.

| અફઘાનિસ્તાન | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| ગુરબાઝ કો અભિષેક બો બુમરાહ | 0 | 2 | 0 | 0 |
| ઝારદાન રન આઉટ | 11 | 10 | 2 | 0 |
| સદિકુલ્લાહ કો બુમરાહ બો અર્શદીપ | 13 | 13 | 1 | 1 |
| નાઇબ કો નીતિશ બો પટેલ | 2 | 6 | 0 | 0 |
| રસુલી બો વરૂણ | 2 | 6 | 0 | 0 |
| ઓમરઝાઇ અણનમ | 64 | 44 | 4 | 4 |
| મો. નબી બો અર્શદીપ | 33 | 27 | 2 | 2 |
| રાશિદ કો અક્ષર બો અર્શદીપ | 1 | 10 | 0 | 0 |
| અહેમદ રન આઉટ | 0 | 1 | 0 | 0 |
| મુજીબ ઉર રહેમાન અણનમ | 9 | 3 | 2 | 0 |
| વધારાના | 21 | | | |
| કુલ 20 ઓવરમાં 8 વિકેટે | 156 રન | | | |

**વિકેટ પતનઃ** 1-5, 2-38, 3-39, 4-41, 5-43, 6-126, 7-131, 8-131

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| જસપ્રીત બુમરાહ | 4 | 0 | 26 | 1 |
| અર્શદીપ સિંહ | 4 | 0 | 19 | 3 |
| અક્ષર પટેલ | 4 | 0 | 27 | 1 |
| વરૂણ ચક્રવર્તી | 4 | 0 | 16 | 1 |
| નીતિશ રેડ્ડી | 2 | 0 | 30 | 0 |
| અભિષેક શર્મા | 1 | 0 | 8 | 0 |
| શિવમ દુબે | 1 | 0 | 21 | 0 |

# રિબાકીનાએ જીત્યો પ્રથમ વખત યુએસ ઓપનનો ખિતાબ

**2 કલાક** 21 મિનિટ સુધી ચાલેલી થ્રિલર મેચમાં રિયબાકીનાએ 6-4, 5-7, 6-2થી વિજય મેળવ્યો

**સાથે** જ સબાલેન્કા પાસેથી વર્લ્ડ નંબર વનનો તાજ પણ છીનવી લીધો



ન્યૂયોર્ક, તા. 13 (એપી)ઃ ન્યૂયોર્કના આર્થર એશ સ્ટેડિયમ ખાતે રમાયેલી યુએસ ઓપન ટેનિસ ટુર્નામેન્ટની મહિલા સિંગલ્સની ફાઇનલમાં કઝાકિસ્તાનની એલેના રિબાકીનાએ શાનદાર પ્રદર્શન કરીને ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્યના સબાલેન્કાને 6-4, 5-7, 6-2થી માત આપીને પોતાનું પ્રથમ યુએસ ઓપન ટાઇટલ જીતી લીધું છે. આ સાથે જ રિબાકીનાએ સબાલેન્કાના સતત ત્રીજી વાર યુએસ ઓપન ચેમ્પિયન બનવાના સપનાને તોડી નાંખ્યું હતું. મેચની શરૂઆતથી જ રિબાકીનાએ પોતાની દમદાર સર્વિસ અને રિટર્ન ગેમના જોરે પ્રથમ સેટ 6-4થી પોતાના નામે કર્યો હતો. બીજા સેટમાં બેલારુસની સબાલેન્કાએ જોરદાર વાપસી કરીને 7-5થી જીત મેળવી મેચને નિર્ણાયક ત્રીજા સેટમાં ખેંચી હતી. જોકે, ત્રીજા અને આખરી સેટમાં રિબાકીનાએ અસાધારણ સંયમ દર્શાવતા સબાલેન્કા પર સતત દબાણ જાળવી રાખ્યું હતું. તેણે મેચ પોઇન્ટ પર પોતાના ટ્રેડમાર્ક એસ શોટ સાથે ઐતિહાસિક વિજય નોંધાવ્યો હતો.

આ રિબાકીનાની કારકિર્દીનું ત્રીજું ગ્રાન્ડ સ્લેમ ટાઇટલ છે અને આ વર્ષનું બીજું મેજર ટાઇટલ છે. આ જીત સાથે જ તેણે સબાલેન્કા પાસેથી વર્લ્ડ નંબર 1નું રેન્કિંગ પણ છીનવી લીધું છે. ટ્રોફી ઉપરાંત રિબાકીનાને 5.5 મિલિયન ડોલરની રેકોર્ડ ઇનામી રકમ પણ પણ મળી હતી.

## રોષે ભરાયેલી સબાલેન્કાએ રેકેટ તોડ્યું અને બોલ ક્રાઉડમાં ફટકાર્યો

સતત ત્રીજી વાર યુએસ ઓપન જીતવાની ગોલ્ડન તક ગુમાવ્યા બાદ 28 વર્ષીય આર્યના સબાલેન્કા કોર્ટ પર પોતાના ગુસ્સા પર કાબૂ રાખી શકી ન હતી. મેચ દરમિયાન ભૂલો થતાં તેણે બોલને ક્રાઉડમાં ફટકાર્યો હતો, જેના કારણે ચેર અમ્પાયરે તેને વોર્નિંગ પણ આપી હતી. મેચ પૂરી થયા બાદ અને ટ્રોફી સેરેમની પહેલાં જ સબાલેન્કાએ પોતાનો બધો જ આક્રોશ કાઢતા જમીન પર પછાડીને પોતાનું રેકેટ સાવ તોડી નાખ્યું હતું. સબાલેન્કાએ બાદમાં સ્વીકાર્યું હતું કે ફાઇનલમાં હાર્યા બાદ પોતાની નિરાશા અને આક્રોશને બહાર કાઢવા માટે તેણે આમ કર્યું હતું. ટ્રોફી સેરેમની પછી સબાલેન્કા પોતાની ટીમ સાથે બેઠી હતી ત્યારે એક વીડિયો મેકર તેનો વીડિયો બનાવવા નજીક આવ્યો હતો, પરંતુ નિરાશ સબાલેન્કાએ ઈશારો કરીને તેને દૂર જવા કહ્યું હતું અને એકાંતની માગ કરી હતી.

# વેસ્ટઇન્ડીઝ સામેની સિરીઝમાં કે.એલ. રાહુલ બની શકે છે વાઇસ-કેપ્ટન

**ટીમનું** નેતૃત્વુ ગિલ કરશે, બીજા વિકેટકીપર માટે ઋષભ પંત અને ધ્રુવ જુરેલ વચ્ચે ટક્કર

**શ્રેયસ** અય્યર અને ઇશાન કિશન એશિયન ગેમ્સમાં વ્યસ્ત રહેશે

**હાર્દિક** પંડ્યાની ફિટનેસ પર હજુ અનિશ્ચિતતા



નવી દિલ્હી, તા. 13 (પીટીઆઈ)ઃ વેસ્ટઇન્ડીઝ સામે 27 સપ્ટેમ્બરથી શરૂ થઈ રહેલી ત્રણ મેચોની એકદિવસીય (ODI) શ્રેણી માટે અનુભવી વિકેટકીપર-બેટ્સમેન કે.એલ. રાહુલને ભારતીય ટીમનો વાઇસ-કેપ્ટન બનાવવામાં આવી શકે છે. આ શ્રેણીમાં ભારતીય ટીમની કમાન શુભમન ગિલ સંભાળશે. સિરીઝની પ્રથમ મેચ તિરુવનંતપુરમ ખાતે રમાશે, જ્યારે બાકીની બે મેચ ગુવાહાટી (30 સપ્ટેમ્બર) અને મુલ્લાનપુર (3 ઓક્ટોબર) ખાતે રમાશે. આ સિરીઝ તેમજ ઈરાની કપ માટેની ભારતીય ટીમની પસંદગી 16 સપ્ટેમ્બરના રોજ ચીફ સિલેક્ટર અજિત અગરકરની અધ્યક્ષતામાં યોજાનાર બેઠકમાં કરવામાં આવશે. અગરકરના કરારનો આ છેલ્લો અસાઇનમેન્ટ હોઈ શકે છે. એશિયન ગેમ્સમાં ભારતીય T-20 ટીમનું નેતૃત્વ શ્રેયસ અય્યર કરવાનો હોવાથી અને ઈશાન કિશન પણ તેમાં રમી રહ્યો હોવાથી, તેઓ વેસ્ટઇન્ડીઝ શ્રેણી માટે ઉપલબ્ધ રહેશે નહીં. આ કારણે રાહુલ બાદ બીજા વિકેટકીપરના સ્થાન માટે ઋષભ પંત અને ધ્રુવ જુરેલ વચ્ચે સ્પર્ધા જોવા મળશે. જો પંતની ટીમમાં પસંદગી થશે તો જુરેલ જમ્મુ અને કાશ્મીર સામે શ્રીનગરમાં રમાનાર ઈરાની કપમાં રેસ્ટ ઓફ ઇન્ડિયાનું નેતૃત્વ કરી શકે છે, જ્યારે પંત સીનિયર ટીમમાં ન પસંદ થાય તો તે રેસ્ટ ઓફ ઈન્ડિયાનો કેપ્ટન બની શકે છે.

# જૂનિયર એશિયા કપ હોકીઃ ચીનને હરાવીને ભારતીય મહિલા ટીમે ટાઇટલની હેટ્રિક પૂરી કરી




**રોમાંચક** ફાઇનલમાં સનિકા માણેના ગોલથી ભારતનો 1-0થી વિજય

**આ સાથે** જ ભારતીય ટીમે જૂનિયર મહિલા હોકી વર્લ્ડ કપમાં પણ સ્થાન પાક્કું કર્યું

**હોકી** ઈન્ડિયાએ ખેલાડીઓ માટે રૂ. 3 લાખ અને સપોર્ટ સ્ટાફ માટે રૂ. 1.5 લાખના ઇનામની જાહેરાત કરી

મોક્યુઈ (ચીન), તા. 13 (પીટીઆઈ)ઃ ચીનના મોક્યુઈ ખાતે રમાયેલી એએચએફ જૂનિયર એશિયા કપ હોકી ટુર્નામેન્ટની રોમાંચક ફાઈનલમાં ભારતીય મહિલા ટીમે યજમાન ચીનને 1-0થી હરાવીને સતત ત્રીજી વાર ચેમ્પિયન બનવાનો ઐતિહાસિક કીર્તિમાન સ્થાપિત કર્યો છે. આ વિજય સાથે જ ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતીય ટીમે જૂનિયર મહિલા હોકી વર્લ્ડ કપ માટે પણ પોતાનું સ્થાન પાક્કું કરી લીધું છે.

મેચની શરૂઆતથી જ બંને ટીમો વચ્ચે કડક ટક્કર જોવા મળી હતી. મેચની 17મી મિનિટે (બીજા ક્વાર્ટરમાં) ભારતની સનિકા ચંદ્રકાંત માણેએ શાનદાર અવેરનેસ દાખવીને ચીનની ગોલકીપર ઝુ મેંગજિયાઓને ચકમો આપીને નિર્ણાયક ગોલ નોંધાવ્યો હતો. ત્યારબાદ ચીનની ટીમે વાપસી કરવા માટે સતત આક્રમણ કર્યા હતા અને મેચનો એકમાત્ર પેનલ્ટી કોર્નર પણ મેળવ્યો હતો, પરંતુ ભારતના મજબૂત ડિફેન્સે યજમાન ટીમના તમામ પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા હતા.

આખી ટુર્નામેન્ટમાં અણનમ રહેલી ભારતીય ટીમે એબ્સોલ્યુટ પૂલ ટોપ કર્યા બાદ સેમિફાઇનલમાં દક્ષિણ કોરિયાને 5-1થી કચડી નાખ્યું હતું. આ શાનદાર જીત બાદ હોકી ઈન્ડિયાએ દરેક ભારતીય ખેલાડી માટે રૂ. 3 લાખ અને સપોર્ટ સ્ટાફના દરેક સભ્ય માટે રૂ. 1.5 લાખના રોકડ પુરસ્કારની જાહેરાત કરી છે.

# મેસીનો સિઝનનો 19મો ગોલઃ ઇન્ટર મિયામી અને નાશવિલે વચ્ચેની મેચ ડ્રો

**લીઓનલ** મેસીના ગોલ છતાં ઇન્ટર મિયામીને વિજય ન મળ્યો; ઇન્જરી ટાઇમમાં સેમ સુરિજે ગોલ કરીને નાશવિલેને હારમાંથી ઉગાર્યું



મિયામી, તા. 13 (એપી)ઃ ઇન્ટર મિયામી અને પોઇન્ટ ટેબલમાં ટોચ પર રહેલી નાશવિલે વચ્ચે રમાયેલી મેજર લીગ સોકર (MLS)ની રોમાંચક મેચ 2-2 ની સરસાઈ સાથે ડ્રો રહી હતી. આ મેચમાં લીઓનલ મેસીએ પોતાના ડાબા પગથી શાનદાર ગોલ કરીને આ સિઝનનો 19મો ગોલ નોંધાવ્યો હતો જે આ વર્ષની લીગમાં કોઈ પણ ખેલાડી કરતાં સૌથી વધુ ગોલ છે.

મેચની ચોથી મિનિટે જ સેમ સુરિજના ગોલથી નાશવિલેએ 1-0ની સરસાઈ મેળવી લીધી હતી. જોકે, 19મી મિનિટે નાશવિલેના ડિફેન્ડર રીડ બેકર-વ્હાઇટિંગના આત્મઘાતી ગોલને કારણે સ્કોર 1-1થી બરાબર થયો હતો. 62મી મિનિટે રોડ્રિગો ડી પોલના પાસ પર આઠ વારના બેલોન ડિ'ઓર વિજેતા મેસીએ સુંદર ગોલ કરીને મિયામીને 2-1ની સરસાઈ અપાવી હતી. પરંતુ, સ્ટોપેજ ટાઇમની પહેલી જ મિનિટે નાશવિલેના સેમ સુરિજે મેચનો પોતાનો બીજો ગોલ કરીને પોતાની ટીમને હારમાંથી ઉગારી મેચ 2-2થી ડ્રો કરાવી હતી.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### શરીરની દુર્ગંધ

શરીર પર થતો પરસેવો અનેક જીવાણુને પોષક છે. બીલીનાં પાન લાવી, ઉકાળી તે પાણીથી નાહવાનું રાખો.

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૫ | ૭ | ૩ | ૬ | | ૯ | ૮ | ૨ |
| ૨ | | | ૮ | ૯ | | | | |
| ૪ | ૯ | ૮ | ૫ | | | ૭ | | |
| | | ૫ | ૨ | ૮ | ૬ | | | ૯ |
| ૬ | ૧ | | ૪ | | | ૫ | ૨ | |
| | ૨ | | ૯ | | | | | ૪ |
| ૩ | ૮ | ૪ | | | | | | |
| | ૭ | | | ૩ | | | | ૬ |
| ૯ | ૬ | | ૭ | | | | ૩ | ૫ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## આજનું પંચાંગ

**તા. 14/09/2026, સોમવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** ભાદરવો
**તિથિઃ** સદ:ત્રીજ:07:08, ચતુર્થ-વરદચતુર્થી
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** ભાદરવા:23
**યોગ :** બ્રહ્મ **કરણઃ** વણિજ
**નક્ષત્ર :** ચિત્રા:- 13:56
**રાશિઃ** તુલા (ર,ત)
**દિવસ :** શુભ- શ્રીગણેશ ચતુર્થી-હરિતાલિકા તૃતિયા,કેવડા ત્રીજ,
**સુરતમાં સૂર્યોદય :** 06:27 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:42
**નવકારસી :** 07:15
**પારસી વર્ષ :** 1396 અર્દિબહેસ્ત માસનો પ્રથમ રોજ
**મુસલમાન વર્ષ :** 1448, રબિઉલ આખર માસનો 02જો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત
**રાત્રિનાં ચોઘડિયાંઃ** ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ
**રાહુ કાળ :** સવારે : 07.30થી 09:00 સુધી

## આપની આજ

**જયોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** પદ-પ્રતિષ્ઠા વધે. પારિવારિક ઉત્સવમાં મિલન મુલાકાત થાય. પ્રેમ વિવાહનો પ્રસ્તાવ આવે. આવક વધશે.

**વૃષભ (બ,વ,ઉ,):** માનસિક ક્રિયાશીલતા અને વિજાતિય આવેગ સતાવે. લેવડ-દેવડમાં સાવધાની રાખવી. આરોગ્યનું ધ્યાન રાખવું.

**મિથુન (ક,છ,ઘ,):** રચનાત્મક વિચાર કાર્ય સફળતામાં મદદરૂપ બનશે. પ્રેમ રંગીન બને. મિલન-મુલાકાત થાય. નવા રોકાણથી લાભ થાય.

**કર્ક (ડ,હ,):** નોકરીમાં પ્રગતિ થાય. નવી જવાબદારીથી પ્રભાવ વધે. પારિવારિક જીવનમાં ઉત્સવ જેવા વાતાવરણથી શાંતિ મળે.

**સિંહ (મ,ટ,):** પ્રવાસના કામમાં પ્રગતિ થાય. વિદ્યાર્થીઓને નવું શીખવા મળે. ભાઈ-બહેનો સાથેના સંબંધ મજબૂત બને.

**કન્યા (પ,ઠ,ણ,):** વાણી-વ્યવહાર અને વહીવટી કુશળતાથી અટકેલાં કામ પાર પડે. આર્થિક પ્રગતિની યોજના પાર પડે.

**તુલા (ર,ત,):** આત્મવિશ્વાસ વધે. ક્રિએટીવ પ્રવૃત્તિથી શાંતિ મળે. દાંપત્યજીવન રંગીન બને. સમાજિક કાર્યપાર પડે.

**વૃશ્ચિક (ન,ય,):** મહત્ત્વના કામમાં ધીરજ રાખવી. કાયદાકીય બાબતે સાવધાન રહેવુ. દોડ-ધામ અને ખર્ચા વધશે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** નવી જવાબદારી મળે. અટકેલા નાણા છૂટા પાપ સંતાનોનાં કામની યોજના બને. મિત્રોનો સાથ મળે.

**મકર (ખ,જ,):** જાહેર જીવનમાં સાવધાની રાખવી. મોજશોખના ધંધામાં આવક વધે. નોકરીમાં નવી તક ઊભી થાય.

**કુંભ (ગ,સ,શ,ષ,):** નવા પ્રોજેક્ટની શરૂઆત થાય. ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય. પ્રેમમાં વિશ્વાસ વધે. ધાર્મિક પ્રવાસ થાય.

**મીન (દ,ચ,ઝ,થ,):** વાદ વિવાદ ટાળવો. કાયદાકીય બાબતે સાવધાન રહેવુ. ઉઘરાણી આવવાથી રાહત થાય.

## કોઈ પણ સાલમાં 14 સપ્ટેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષ વાળું રહેશે. નોકરી-ધંધામાં ચડતી-પડતી અને હરીફો વધશે. સમાજમાં અશાંતિ વધે. પરિવારની અપેક્ષાઓ વધે. કાર્યબોજની અસર શરીર પર થાય. માનસિક થાક વધે. આર્થિક બાબતે સામાન્ય રહે. ટેકનોલોજીથી રાહત થાય. સરકારી નોકરિયાતની જવાબદારીથી આરોગ્ય અને માનસિક પીડાનો અનુભવ વધઘે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિઘ્નો આવે. ઉંમરલાયકના વિવાહના ખર્ચા સતાવે. પ્રેમ-વિવાહમાં મદદ મળે. વિદેશનો કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓની મહેનત વધશે. સંતાનોના કામ સામાન્ય રહે. આવક વધારવાની યોજનામાં ચડતી-પડતી રહે. નવા ઘર, વાહન, મકાન, વારસા, જાયદાદ, જમીન વગેરે કામમાં વડીલો મિત્રોની મદદ મળે. ઉઘરાણી આવવાથી નવાં રોકાણ થાય. મે-જૂન-ઓગસ્ટ-સપ્ટેમ્બર, બુધ-શુક્રવાર, 05, 14, 23 તારીખે નવા કામ કરવાં. લીલા રંગનો ઉપયોગ વધારવો. જૂન-જુલાઈ, શનિવાર 07,16,25 તારીખે નવાં કામ ટાળવાં. લાલ કાળા રંગનો ઉપયોગ ટાળવો. બુધવારના ઉપાય કરતાં રહેવુ.





# પ્રીમિયર લીગઃ સન્ડરલેન્ડને 2-0 થી હરાવીને આર્સેનલનો શાનદાર વિજય

**ટીમ** સામે મંજૂર કરાયેલી પેનલ્ટી અંગે મેનેજર આર્ટેટાનો આક્રોશ

**ડેવિડ** રાયાએ પેનલ્ટી સેવ કર્યા બાદ બ્રુનો અને સાકાએ ગોલ ફટકાર્યા

સન્ડરલેન્ડ (ઈંગ્લેન્ડ), તા. 13 (એપી)ઃ ઈંગ્લિશ પ્રીમિયર લીગમાં રમાયેલી રોમાંચક મેચમાં આર્સેનલે સન્ડરલેન્ડને તેના જ ઘરઆંગણે 2-0થી પરાજય આપ્યો છે. સ્ટેડિયમ ઓફ લાઇટ ખાતે રમાયેલા આ મુકાબલામાં પ્રથમ હાફ સુધી બંને ટીમો ગોલરહિત રહી હતી. બીજા હાફમાં સન્ડરલેન્ડને પેનલ્ટી દ્વારા ગોલ કરવાની સુવર્ણ તક મળી હતી, પરંતુ આર્સેનલના ગોલકીપર ડેવિડ રાયાએ એન્ઝો લે ફીની આ પેનલ્ટી સુંદર રીતે સેવ કરી હતી.

આ સેવના ચોક્કસ બે મિનિટ બાદ બ્રુનો ગિમારેસે શાનદાર ગોલ કરીને આર્સેનલને 1-0ની સરસાઈ અપાવી હતી. ત્યારબાદ મેચના ઇન્જરી ટાઇમમાં બુકાયો સાકાએ પેનલ્ટી પર ગોલ કરીને આર્સેનલની 2-0થી જીત સ્યોર કરી દીધી હતી.

મેચ જીત્યા છતાં આર્સેનલના મેનેજર માઇકલ આર્ટેટાએ પોતાની ટીમ સામે અપાયેલી પેનલ્ટી અંગે ભારે આક્રોશ ઠાલવ્યો હતો. આર્સેનલના એઝરી કોન્સા દ્વારા ડેન બાલાર્ડને બોક્સમાં ફાઉલ કરવા બદલ અમ્પાયરે આ પેનલ્ટી આપી હતી. આર્ટેટાએ આ નિર્ણયને 'અનએક્સેપ્ટેબલ' ગણાવતા કહ્યું હતું કે પોતાના 27-28 વર્ષના ફૂટબોલ કરિયરમાં આવી પેનલ્ટી ક્યારેય જોઈ નથી અને આવા નિર્ણયો આખી સિઝનની દિશા બદલી શકે છે.